# ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ સુધારા વિધેયક બીલ

**માનનીય અધ્યક્ષશ્રી**

માનનીય મુખ્યમંત્રીશ્રી તથા ગૃહરાજ્યમંત્રીશ્રી સન ગુજરાત વિધેયક ક્રમાંક ૨૦૨૪ નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૧, ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ સુધારા વિધેયક બીલ જે ગૃહ સમક્ષ લાવ્યા હોઈ જે બિલને હું સમર્થન કરું છું

**માનનીય અધ્યક્ષશ્રી**

ગુજરાતમાં દારૂબંધી હોવાથી નશાકારક ચીજવસ્તુઓનુ વેચાણ ન થાય તે માટે ગુજરાતમાં ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ અમલમાં છે અને આ કાયદા મુજબ દારૂ બનાવવા વાળા, વેચવા વાળા, દારૂનું વહન અને દારૂનુ સેવન કરવા વાળા પર ગુજરાત પોલીસ વિભાગ દ્વારા કડક અમલ કરવામાં આવે છે

**માનનીય અધ્યક્ષશ્રી**

ગુજરાત રાજ્યમાં દરેક પોલીસ સ્ટેશનની અંદર દારૂ, નશીલા પદાર્થો અને વાહનોનું ભરાવો થાય છે જેના નિકાલ માટે કોર્ટ નો અંતિમ ચુકાદો આવે તેના એના પહેલા સરકાર વાહનોની હરાજી કરી શકે અને પોલીસ સ્ટેશનમાં

**માનનીય અધ્યક્ષશ્રી**

ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ માં સરકાર દ્વારા ૨૦૧૧, ૨૦૧૫, ૨૦૧૬ ગુજરાતના વટહુકમ ૭ મુજબ વખતોવખત સુધારાઓ કરવામાં આવેલા છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

છેલ્લા દસ વર્ષમા દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે તથા દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબે સુકાન સંભાળ્યું છે ત્યારથી ભારત દેશના IPC, CRPC, evidance તથા માઈનોર એકટના કાયદાઓમાં સુધારાઓ કરવામાં આવ્યા છે

**માનનીય અધ્યક્ષશ્રી**

ગુજરાત પોલીસ વિભાગ દ્વારા ગુજરાતની અંદર જેટલા ગુના થાય છે તેની તપાસ પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવે છે અને તપાસના અંતે આરોપી અને મુદ્દામાલ કોર્ટમાં ચાર્જશીટ રૂપે મોકલવામાં આવે છે અને મુદ્દામાલ જેવો કે નશાકારક ચીજવસ્તુ પોલીસ વિભાગ દ્વારા કોર્ટમાં રિપોર્ટ કરી કોર્ટની મંજૂરી મેળવી શહેરી અને ગ્રામ્ય વિસ્તારની સરકાર દ્વારા ઠરાવથી સમિતિઓ બનાવવામાં આવેલ છે, જેનો સમિતિઓ નાશ કરે છે

**માનનીય અધ્યક્ષશ્રી**

પોલીસ વિભાગ દ્વારા નશીલા પદાર્થોનું લે-વેચ અને વહન કરવાના સાધનો સાથે જપ્ત કરવામાં આવે છે, જે સાધનોને કોર્ટ કસ્ટડીમાં હોય છે અને કોર્ટની અંદર કેસોનો નિકાલ થતાં ઘણો સમય લાગતો હોય છે અને કોર્ટનો નિકાલ આવે ત્યાં સુધી તમામ વાહનોનો બગાડ થતો હોય છે

**માનનીય અધ્યક્ષશ્રી**

માનનીય ગૃહમંત્રીશ્રી ગુજરાત નશાબંધી અધિનિયમ 1949 કલમ 98 ની પેટાકલમ 2 જે સુધારો લઈને આવ્યા છે જેમાં કોઈ કેફી પદાર્થ, ભાંગ-ગાંજો, મહુડાના ફૂલો લઈ જતા પશુઓ, ગાડા, વાહનો અથવા બીજા વાહનો જેવી વસ્તુઓને સરકાર દાખલ કરવા માટેની અને જપ્ત થયેલા દારૂનો જથ્થો નિયમોથી ઠરાવ્યા પ્રમાણેના જથ્થાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી બોન્ડ અથવા જામીન પર તેને મુક્ત કરી શકાશે નહી

તે શબ્દોને બદલે જપ્ત થયેલો દારૂનો જથ્થો, ઠરાવવામાં આવેલ જથ્થા થી વધુ હોય ત્યારે કોર્ટની પરવાનગી સાથે ઠરાવવામાં આવે તે રીતે આખરી ચુકાદા પહેલા સરકારે દાખલ કરેલા વાહનની હરાજી અને ખાલસા કરી શકાશે અને આવા કિસ્સામાં નાયબ પોલીસ અધિક્ષક સક્ષમ અધિકારી રહેશે

**માનનીય અધ્યક્ષશ્રી**

આદરણીય મુખ્યમંત્રીશ્રી તથા આદરણીય ગૃહમંત્રીશ્રી જે સુધારા વિધેયક ક્રમાંક 11 ગૃહ સમક્ષ લઈને આવ્યા છે તો ગૃહના તમામ માનનીય સદસ્યશ્રીઓ બિલને સમર્થન કરે